BUSINESS મિત્ર

સેન્સેક્સ 719 પોઇન્ટ તૂટ્યો, રોકાણકારોના 6 લાખ કરોડ સ્વાહા

યુદ્ધના ભયે ભારતીય બજાર લોહીલુહાણ

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 8: પશ્ચિમ એશિયામાં ફરી એકવાર યુદ્ધની જ્વાળાઓ વધવાના પગલે વૈશ્વિક બજારની પાછળ ભારતીય શેરબજારમાં પણ જોરદાર વેચવાલીએ કડાકો બોલાયો છે. જેમાં રિયલ્ટી સેક્ટરની આગેવાની જોવા મળી હતી. બ્રોડર માર્કેટ પણ વેચવાલીના દબાણે પાણી પાણી થઇ ગયા હતા. જ્યારે નિફ્ટી 23150 પોઇન્ટની સપાટીની નીચે સરકી જવા પામી હતી.

ચારેકોરથી વેચવાલીના દબાણના પગલે રોકાણકારોના રૂ. 6 લાખ કરોડ સ્વાહા થઇ જવા પામ્યા છે. જ્યારે હેલ્થકેર સેક્ટરને બાદ કરતા તમામ સેક્ટરો લાલ નિશાનમાં રહ્યા હતા. જેમાં સૌથી વધુ નિફ્ટી રિયલ્ટી ઈન્ડેક્સ 3 ટકાથી વધુ તૂટ્યો હતો, તેની સાથે મેટલ 2.5 ટકા અને નિફ્ટી ઓટો 2 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. પ્રાઇવેટ બેન્ક અને પીએસયુ બેન્કમાં પણ છેલ્લે છેલ્લે વેચવાલીનું દબાણ વધ્યું હતું.

વૈશ્વિક સ્તરે જોઇએ તો આજે સતત બીજા દિવસે મીડલ ઇસ્ટમાં તણાવ ચાલુ રહ્યો હતો અને આ તણાવ વધ્યો હતો. જેના લીધે તમામ સેક્ટર અને સ્મોલકેપ-મિડકેપ સહિત વેચવાલી હાવી રહી હતી અને લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. બીજી તરફ, યુએસમાં સંભવિત વ્યાજદર વધવાની ચિંતાએ બજારના સેન્ટિમેન્ટ તોડી નાંખ્યું હતું.

બીએસઇ સેન્સેક્સ 719.08 પોઇન્ટ એટલે કે 0.97 ટકા ઘટીને 73524.26 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 73934 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 73318 પોઇન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 243.70 પોઇન્ટ એટલે કે 1.04 ટકા ઘટીને 23123 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે નિફ્ટીએ 23150 પોઇન્ટની સપાટી તોડી નાંખી હતી. ઈન્ટ્રાડેમાં નિફ્ટી 23267 પોઇન્ટ સુધી ઉછળી હતી, જ્યારે 23070 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 432.50 પોઇન્ટ એટલે કે 0.79 ટકા ઘટીને 54063.75 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે બેન્ક નિફ્ટી 54000 પોઇન્ટની સપાટી જાળવવામાં સફળ રહી હતી.

બીએસઇ ખાતે બ્લુડાર્ટ એક્સપ્રેસમાં 130.43 ગણા, સાઇ લાઇફ સાયન્સીસમાં 27.27 ગણા, આઇસીઆઇસીઆઇ લોમ્બાર્ડમાં 16.52 ગણા, એસીસીમાં 13.65 ગણા અને મહાનગર ગેસમાં 6.26 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે સીસીએલ પ્રોડક્ટસમાં 25.04 ગણા, ફાઇઝર લિ.માં 10.43 ગણા, સીન્જીન ઈન્ટરનેશનલમાં 8.54 ગણા, કેપલીન પોઇન્ટમાં 5.42 ગણા અ દેવ્યાની ઈન્ટરનેશનલમાં 5.06 ગણા કામકાજ નોંધાયા છે.

તણાવ વધતા રૂપિયો વધુ નબળો પડ્યો

મીડલ ઇસ્ટના તણાવના કારણે રૂપિયો વધુ નબળો પડ્યો હતો અને આ ઘટાડો ખૂબજ ઝડપી જોવાયો હતો. ઇરાન અને ઇઝારાયેલે ફરીથી હુમલા શરૂ કરી દેતા તણાવમાં વધારો આવ્યો છે અને અમેરિકા અને ઇરાનની વાટાઘાટો પડી ભાંગે તેવી સ્થિતિ ઉભી થઇ છે, જેના લીધે ક્રુડમાં ફરીથી ઝડપી ઉછાળો આવ્યો છે. જેની સીધી અસર કરન્સી બજારમાં જોવા મળી રહી છે. જેના લીધે રૂપિયો વધુ નબળો પડ્યો હતો. આજે કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 75 પૈસા તૂટીને 95.71ના સ્તરે બંધ રહ્યો હતો, જે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયાનો ભાવ 94.95નો બોલાયો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 110.01, પાઉન્ડ 128.61, કેનેડિયન ડોલર 68.85, ઓસ્ટ્રેલિયન ડોલર 67.95, જાપાનીઝ યેન 0.5983 અને સીંગાપોર ડોલર 74.19ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર	
ડોલર	95.71 રૂ.
યુરો	110.01 રૂ.
પાઉન્ડ	127.61 રૂ.
યેન	0.5983 રૂ.

બ્રોડર માર્કેટનું પ્રદર્શન નબળું રહ્યું હતું. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સ 1.70 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 1.88 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ પણ નબળી રહી હતી. બીએસઇ ખાતે 1249 શેરો વધ્યા હતા, જ્યારે 3115 શેરો ઘટ્યા હતા, જ્યારે કુલ 173 શેરો યથાવત રહ્યા હતા. મીડલ ઈસ્ટના તણાવને લઇને બ્રેન્ટ ક્રુડમાં 4 ટકાથી વધુનો ઉછાળો જોવાયો હતો અને ફરી એકવાર 100 ડોલર તરફ આગેકૂચ કરતો જોવા મળી રહ્યો છે.

નિફ્ટી રિયલ્ટી ઈન્ડેક્સ 2.56 ટકા ઘટ્યા હતા, જે છેલ્લા બે ટ્રેડિંગ સેશનમાં 0.82 ટકા વધ્યો હતો. જેમાં અનંતરાજ, શોભા, પ્રેસ્ટીજ એસ્ટેટ, ગોદરેજ પ્રોપર્ટીઝ, ડીએલએફ, લોઢા ડેવલપર્સ, એબી રિયલ એસ્ટેટ, ઓબેરોય રિયલ્ટી, બ્રિગ્રેડ એન્ટર અને ફોનીક્સ મીલ ઘટયા હતા.

વૈશ્વિક સ્તરે ઈરાન અને ઈઝરાયેલ વચ્ચેના હુમલાઓ ફરીથી શરૂ થયા પછી આજે સપ્તાહની શરૂઆત ઘટાડાથી થવા પામી છે. જેથી ક્રુડ ઓઇલના ભાવમાં ઉછાળો આવ્યો હતો, જેમાં યુદ્ધ વિરામના વાટાઘાટા પર પુર્ણવિરામ મુકાઇ જાય તેવી સ્થિતિ ઉભી થઇ છે. આ તણાવના લીધે એશિયન બજારો લાલ નિશાનમાં બંધ રહ્યા હતા. આ હુમલાથી ફરીથી સંઘર્ષની આશંકા વધી રહી છે અને વૈશ્વિક બજારોમાં તેની અસર જોવા મળી રહી છે. આ દરમ્યાન જાપાનના પ્રથમ કવાર્ટરમાં 0.5 ટકા અર્થતંત્ર વિસ્તર્યુ હતું, જે ગત કવાર્ટરમાં 0.2 ટકા વૃદ્ધિથી વેગ આપ્યો હતો. આ આંકડાએ 0.3ની અપેક્ષાને વાટવી દીધો છે.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.21 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે, જ્યારે કે 0.16 ટકા અને ડેક્સ 0.71 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 4.40 ટકા, સ્ટેઇટસ 1.74 ટકા, હેંગસેંગ 1.38 ટકા, તાઇવાન 3.60 ટકા, કોસ્પી 9.03 ટકા, જકાર્તા 4.73 ટકા અને શાંઘાઇ 1.73 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

સેન્સેક્સ	-719.08	73524.26
નિફ્ટી	-243.70	23123.00
બેન્ક નિફ્ટી	-356.75	28653.55

નિફ્ટી — ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
મેક્સ હેલ્થકેર	3.09	1007.45
પાવરગ્રીડ	1.63	290.30
ટેક મહિન્દ્રા	1.34	1503.40
બીઇએલ	1.16	412.95
નેસલે ઇન્ડિયા	0.92	1398.90

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
વિપ્રો	8.37	181.76
જિયો ફાઇ.	3.39	228.86
ઇટર્નલ	3.20	896.65
શ્રીરામ ફાઇ.	2.89	896.65
હિન્દાલ્કો	2.76	1062.40

સેન્સેક્સ — ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
પાવરગ્રીડ	1.79	290.45
ટેક મહિન્દ્રા	1.35	1502.75
બીઇએલ	1.20	412.95
ભારતી એરટેલ	1.13	1819.20
એસબીઆઇ	0.42	981.90

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇટર્નલ	3.24	248.15
મહિન્દ્રા-મહિન્દ્રા	2.51	2964.55
ટ્રેન્ટ	2.21	2713.35
ઇન્ટરગ્લોબ	2.16	4381.90
ટીસીએસ	2.13	2151.45

પશ્ચિમ બંગાળમાં કારમી હાર પછી મમતા બેનરજીની કારકિર્દી ખતમ થઈ ગઈ છે?

ડ્રગ પોઇન્ટ — સંજય વોરા

રાજકારણનું બીજું નામ જ અનિશ્ચિતતા છે. આજે જેઓ સત્તાના સિંહાસન પર ગર્વથી બિરાજે છે તેઓ આવતી કાલે ધૂળ ચાટતા થઈ જાય અને પરમ દિવસે જેલમાં ધકેલાઇ જાય તેવું પણ બની શકે છે. જે નેતાનાં દર્શન કરવા લાખો લોકો પડાપડી કરતાં હોય તે નેતા સામેથી પસાર થઈ જાય તો કોઈ તેની સામે પણ ન જુએ તેવું રાજકારણમાં બની શકે છે. પશ્ચિમ બંગાળનાં ભૂતપૂર્વ મુખ્ય મંત્રી મમતા બેનરજીને પણ આ સત્યનો સાક્ષાત્કાર થઈ રહ્યો છે. તાજેતરમાં તેઓ કાલિઘાટ મંદિરે દર્શન કરવા ગયાં ત્યારે આમ નાગરિકની જેમ તેમણે લાઇનમાં ઊભા રહેવું પડ્યું હતું. ત્યાં હાજર રહેલાં દર્શનાર્થીઓએ તેમની હાજરીની નોંધ પણ લીધી નહોતી. શું મમતા બેનરજીએ જે પાર્ટી બનાવી અને પોતાની મહેનતથી માત્ર ૧૫ વર્ષમાં શૂન્યથી ટોચ પર પહોંચાડી, તે પાર્ટી તેમના હાથમાંથી સરકી જશે? શું તેમને પોતાના ઘરમાંથી વિસ્થાપિત થવાનો ભય છે? ૫૮ ધારાસભ્યોના બળવા અને હાંકી કાઢવામાં આવેલા ધારાસભ્ય ઋતબ્રત બેનરજીને ગૃહમાં વિરોધ પક્ષના નેતા બનાવ્યા પછી પશ્ચિમ બંગાળનાં રાજકીય વર્તુળોમાં આ પ્રશ્નો પૂછવામાં આવી રહ્યા છે.

બે તૃતિયાંશ ધારાસભ્યોના બળવા પછી તાત્કાલિક પગલાં લેતાં મમતા બેનરજીએ પાર્ટીની બધી સમિતિઓ અને સંગઠનોનાં વિસર્જન કરી દીધાં છે અને ચૂંટણીનાં પરિણામોના ઊંડાણપૂર્વક વિશ્લેષણની શરૂઆત કરી છે. તેઓ પાર્ટીના મહાસચિવ અભિષેક બેનરજી અને પાર્ટીના વરિષ્ઠ નેતાઓ સાથે બેઠકોમાં વ્યસ્ત છે. તેમણે હજુ સુધી બળવા અંગે સત્તાવાર રીતે કોઈ ટિપ્પણી કરી નથી, પણ કદાચ તેમને પાર્ટીમાં આ ભાગલાનો ખ્યાલ આવી ગયો હતો. ચાર દાયકાથી વધુની રાજકીય કારકિર્દીમાં મમતા બેનરજીએ ઘણી મુશ્કેલ પરિસ્થિતિઓનો સામનો કર્યો છે. ૨૦૦૪ની લોકસભા ચૂંટણીમાં પાર્ટીને ફક્ત એક જ બેઠક મળી હતી અથવા ૨૦૦૬ની વિધાનસભા ચૂંટણીમાં તે ફક્ત ૨૯ બેઠકો પર સમેટાઇ ગઈ હતી. પહેલી વાર આખો પક્ષ તેમના હાથમાંથી સરકી રહ્યો છે. શું તેઓ પૌરાણિક પક્ષી ફોનિક્સની જેમ ફરી એક વાર રાખમાંથી જીવતાં થઈ શકશે?

બળવાખોર ધારાસભ્યોએ સ્પષ્ટ કરી દીધું છે કે તેમનો ગુસ્સો અભિષેક બેનરજી અને તેમની પાર્ટી ચલાવવાની રીત સાથે છે, મમતા સાથે નહીં. મમતાની સમસ્યા એ છે કે આ જાણવા છતાં, તે અભિષેકને છોડી શકતી નથી. આનું એક કારણ છે. પાર્ટીના એક વરિષ્ઠ નેતાએ નામ ન આપવાની શરતે કહ્યું કે એ સાચું છે કે જેમ જેમ અભિષેકનું પક્ષમાં કદ વધતું ગયું, તેમ તેમ ઘણા જૂના નેતાઓનો રોષ વધવા લાગ્યો. તેમના ઉપરાંત, નવી પેઢીના ઘણા નેતાઓમાં અસંતોષ પણ વધી રહ્યો હતો. આ કારણોસર શુભેન્દુ અધિકારી પણ પાર્ટી છોડીને ભાજપમાં જોડાયા હતા.બધું જાણીને પણ મમતા અભિષેકને છોડી શકતાં નથી. આ ફક્ત પારિવારિક મામલો નથી. અભિષેકને મુક્ત કરવાથી કે તેમની સામે કોઈ કાર્યવાહી કરવાથી એવો સંદેશો જશે કે તેઓ બળવાખોરોની ધમકીઓ સામે ઝૂકી ગયાં છે. મમતાના સ્વભાવમાં નમવું નથી. બદલાયેલા સંજોગોમાં મમતા બેનરજી વિધાનસભાની ઘટનાની કાનૂની માન્યતાને કોર્ટમાં પડકારવાનું વિચારી રહ્યાં છે. આ માટે કાયદાકીય નિષ્ણાતોની સલાહ લેવામાં આવી રહી છે. પાર્ટી કોર્ટમાં પ્રશ્ન ઉઠાવશે કે પાર્ટીમાંથી હાંકી કાઢવામાં આવેલા ધારાસભ્યને વિધાનસભામાં તે જ પક્ષના નેતા કેવી રીતે બનાવી શકાય?

વધુમાં, પાર્ટી હવે તેના સાંસદોની ગતિવિધિઓ પર નજીકથી નજર રાખી રહી છે. ખાસ કરીને ચાર વખતના સાંસદ કાકોલી ઘોષ દસ્તીદારના તાજેતરના બળવાખોર વલણ પછી પાર્ટીમાં ચિંતા વધી રહી છે કે તેના સાંસદોને આમ આદમી પાર્ટીના સાંસદો જેવું જ પરિણામ ભોગવવું પડી શકે છે. બુધવારે મોડી રાત્રે મમતાના નિવાસસ્થાને પાર્ટીની રાષ્ટ્રીય કાર્યકારી સમિતિની બેઠકમાં પણ આ મુદ્દા પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. બીજી તરફ, બંગાળમાં અને ત્યાર બાદ પાર્ટીમાં સત્તા ગુમાવ્યા બાદ મમતાએ હવે પોતાનું ધ્યાન દિલ્હી પર કેન્દ્રિત કર્યું છે. અભિષેક સાથે તેઓ ૮ જૂને દિલ્હીમાં ઇન્ડિયા બ્લોકની બેઠકમાં હાજરી આપી રહ્યાં છે. પાર્ટીનાં સૂત્રોએ જણાવ્યું હતું કે મમતા બેનર્જી આગામી લોકસભા ચૂંટણીમાં દરેક બેઠક પર એક વિરુદ્ધ એક (એટલે કે, ભાજપ વિરુદ્ધ એક) સામાન્ય વિપક્ષી ગઠબંધન ઉમેદવાર ઊભા રાખવાની ફોર્મ્યુલાની હિમાયત કરશે. પાર્ટીના એક નેતા કહે છે કે મમતા તે બેઠકમાં બોમ્બ ફેંકવાની તૈયારી કરી રહ્યાં છે.

તૃણમૂલ કોંગ્રેસનાં સૂત્રો કહે છે કે ૧૯૮૪ પછી વચ્ચેનાં બે વર્ષ સિવાય, ક્યારેય એવું બન્યું નથી કે મમતા બેનર્જી સાંસદ કે ધારાસભ્ય ન હોય. હાલમાં તેમના લોકસભા કે વિધાનસભામાં પહોંચવાની કોઇ શક્યતા દેખાતી નથી. હાલમાં બસીરહાટ લોકસભા બેઠક સાંસદ હાજી નુરુલ ઇસ્લામના અવસાનને કારણે ખાલી છે અને ત્યાં પેટાચૂંટણી યોજાવાની છે, પરંતુ પાર્ટી તે બેઠક પર મમતા બેનરજીને મેદાનમાં ઊતારી શકે તેમ નથી. ત્યાં હાર તેમને વધુ શરમજનક બનાવશે.

મમતા બેનરજીની રાજકીય કારકિર્દી સ્પષ્ટપણે બે તબક્કામાં વહેંચાયેલી છે. શરૂઆતથી ૨૦૧૧ સુધી તેઓ મુખ્યત્વે વિરોધ પક્ષમાં રહ્યાં. તેમનું પ્રાથમિક લક્ષ્ય પશ્ચિમ બંગાળમાંથી ડાબેરી મોરચાને હાંકી કાઢવાનું હતું. આગામી ૧૫ વર્ષ સુધી તેઓ મુખ્યમંત્રી તરીકે સત્તાનાં સુકાન પર રહ્યાં. મુખ્યમંત્રી તરીકેનાં તેમનાં ૧૫ વર્ષના કાર્યકાળ દરમિયાન ભ્રષ્ટાચારના આરોપોએ તેમને અને તેમના પક્ષને ઊંડી અસર કરી છે. તેમની સાદગીભરી જીવનશૈલી લાંબા સમયથી તેમની પ્રામાણિકતાની ઓળખ હતી. જો કે, વિપક્ષી ભાજપ અથવા સીપીએમે તેમના પર માત્ર ભ્રષ્ટાચારનો જ નહીં પરંતુ ઉદ્યોગને આકર્ષવામાં અને વહીવટકર્તા તરીકે રોજગારીનું સર્જન કરવામાં નિષ્ફળ રહેવાનો પણ આરોપ મૂક્યો છે.વિપક્ષે કહ્યું કે છેલ્લા દોઢ દાયકામાં રાજ્યમાં એક પણ મોટું રોકાણ આવ્યું નથી. હકીકતમાં, દિવંગત દિગ્ગજ ડાબેરી નેતા શ્યામલ ચક્રવર્તી માનતા હતા કે રસ્તાઓ પરના સંઘર્ષે મમતા બેનરજીને વિપક્ષી નેતા તરીકે સ્થાપિત કર્યાં હતાં, પરંતુ સત્તામાં આવ્યા પછી, તે જ ગુણો તેમના માટે સમસ્યા બની ગયાં. બરાબર દસ વર્ષ પહેલાં શ્યામલ ચક્રવર્તીએ કહ્યું હતું કે સાહિત્યકાર સંજીવ ચંદ્ર ચેટર્જીએ એક વાર લખ્યું હતું કે જંગલમાં જંગલી પ્રાણીઓ સુંદર હોય છે. બાળકો તેમની માતાના ખોળામાં સુંદર હોય છે. હું તેને થોડું ફેરવીને કહેવા માંગુ છું કે જંગલી પ્રાણીઓ જંગલમાં સુંદર હોય છે અને મમતા બેનરજી વિપક્ષમાં સુંદર છે.

પશ્ચિમ બંગાળમાં લોકોનો એક મોટો વર્ગ માને છે કે તૃણમૂલ કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરો ગમે તેટલાં ભ્રષ્ટ હોય, પાર્ટીના ટોચના નેતા પર ક્યારેય કોઈ ડાઘ લાગ્યો નથી. ઘણાં લોકો માનતાં હતાં કે તેઓ વ્યક્તિગત રીતે ભ્રષ્ટાચારથી સંપૂર્ણપણે મુક્ત હતાં, પરંતુ ૨૦૨૬ ની વિધાનસભા ચૂંટણીનાં પરિણામોએ સાબિત કર્યું છે કે મમતા બેનર્જીની વ્યક્તિગત લોકપ્રિયતા હવે પાર્ટીની બધી નિષ્ફળતાઓને છુપાવવા અને તૃણમૂલ કોંગ્રેસને જીત અપાવવા માટે પૂરતી નથી.

એક સમયે સંઘ પરિવારની નજીક રહેલા અને હવે સ્થાનિક નાગરિક સમાજ સંગઠન સાથે સંકળાયેલા પીઢ પત્રકાર રંતીદેવી સેનગુપ્તાના મતે મમતા બેનરજીને રાજકારણમાં અપ્રસ્તુત માનવું એ એક ગંભીર ભૂલ હશે. મમતા બેનરજી ઘાયલ સિંહણની જેમ ફરી ત્રાટકી શકે છે. જો કે, પશ્ચિમ બંગાળના રાજકારણ પર નજર રાખનારાં ઘણાં લોકો માને છે કે મમતા બેનરજી માટે પરિસ્થિતિને પલટવી ખૂબ મુશ્કેલ હશે. આ માટે મમતા બેનરજીએ નવી ભાજપ સરકાર ભૂલો કરે તેની રાહ જોવી પડશે. પશ્ચિમ બંગાળનો રાજકીય ઇતિહાસ સાક્ષી છે કે એક વાર આ રાજ્યનાં લોકો કોઈ પક્ષને સત્તા પરથી દૂર કરે છે, તે પછી તેઓ તેને ફરીથી સત્તામાં આવવા દેતા નથી. મમતા બેનરજી આ નિયમનો અપવાદ બની શકશે કે નહીં તે તેમના પોતાના દેખાવ પર નિર્ભર રહેશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

પશ્ચિમ બંગાળમાં લોકોનો એક મોટો વર્ગ માને છે કે તૃણમૂલ કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરો ગમે તેટલાં ભ્રષ્ટ હોય, પાર્ટીના ટોચનાં નેતા પર ક્યારેય કોઈ ડાઘ લાગ્યો નથી

ગોલ્ડ ETF 3% સુધી તો સિલ્વર ETF 6%થી વધુ તૂટ્યા

બ્રેન્ટ ક્રુડ $94ને પાર પહોંચતા ફુગાવાનો ભય વધ્યો; અનિશ્ચિતતા વચ્ચે રોકાણકારોએ કિંમતી ધાતુઓમાંથી નાણાં પાછા ખેંચ્યા

મુંબઇ, તા. 8ઃ આજનો દિવસ સોના અને ચાંદીમાં રોકાણ કરનારા ઈટીએફ રોકાણકારો માટે ભારે દિવસ હતો. વૈશ્વિક બજારમાં સોના અને ચાંદીના ભાવ પર દબાણ વધ્યા બાદ ભારતમાં પણ સોના અને ચાંદીની ઈટીએફમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો હતો. મોટાભાગના ગોલ્ડ ઈટીએફ 2થી 3 ટકા ઘટ્યા છે, જ્યારે સિલ્વર ઈટીએફ 6 ટકાથી વધુ ઘટ્યા છે.

ગોલ્ડ ઈટીએફની વાત કરીએ તો ટાટા ગોલ્ડ ઈટીએફ 2.53 ટકા ઘટીને 14.62 રૂપિયા પર બંધ રહ્યો છે. નિપ્પોન ઇન્ડિયા ઈટીએફ ગોલ્ડ બીઈએસ 2.64 ટકા ઘટીને 124.41 રૂપિયા પર બંધ રહ્યો હતો. ગ્રો ગોલ્ડ ઈટીએફ 2.45 ટકાના ઘટાડા સાથે 14.71 રૂપિયા પર ટ્રેડ કરી રહ્યો છે. ઝીરોધા ગોલ્ડ ઈટીએફ 2.67 ટકા ઘટીને રૂ. 23.67 પર બંધ રહ્યો હતો.

આઇસીઆઇસીઆઇ પ્રુડેન્શિયલ ગોલ્ડ ઈટીએફ 2.68 ટકા ઘટીને 128.74 રૂપિયા પર બંધ રહ્યો છે. એસબીઆઇ ગોલ્ડ ઈટીએફ 2.70 ટકા ઘટીને 128.25 રૂપિયા પર ટ્રેડ કરી રહ્યો છે, જ્યારે એચડીએફસી ગોલ્ડ ઈટીએફ 2.61 ટકા ઘટીને 128.57 રૂપિયા પર ટ્રેડ કરી રહ્યો છે.

સિલ્વર ઈટીએફમાં ઘટાડો ગોલ્ડ ઈટીએફ કરતા ઘણો વધારે હતો. ટાટા સિલ્વર ઈટીએફ 6.19 ટકા ઘટીને 23.17 રૂપિયા પર બંધ રહ્યો હતો. નિપ્પોન ઈન્ડિયા સિલ્વર ઈટીએફ 6.26 ટકા ઘટીને 228.34 રૂપિયા પર બંધ રહ્યો છે. ઝીરોધા સિલ્વર ઈટીએફ 6.26 ટકા ઘટીને 24.26 રૂપિયા પર બંધ રહ્યો છે, જ્યારે ગ્રો સિલ્વર ઈટીએફ 6.09 ટકા ઘટીને 23.42 રૂપિયા પર ટ્રેડ કરી રહ્યો છે. એચડીએફસી સિલ્વર ઈટીએફ 6.42 ટકા ઘટ્યો છે.

નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, યુએસ તરફથી અપેક્ષિત આર્થિક ડેટા કરતાં વધુ સારા આવતા ફુગાવા અને વ્યાજ દરો વિશેની ચિંતા વધી છે. આનાથી સોના અને ચાંદી જેવા સલામત રોકાણો માનવામાં આવતી ધાતુઓના આકર્ષણમાં ઘટાડો થયો છે.

તેઓનું કહેવું છે કે મધ્ય પૂર્વમાં વધતા તણાવ, ખાસ કરીને ઈઝરાયલને લગતા તાજેતરના વિકાસથી પણ બજારમાં અસ્થિરતા વધી છે. આની અસર રોકાણકારોના સેન્ટિમેન્ટ પર પણ પડી છે.

અખાતી દેશોમાં વધતા તણાવને કારણે ક્રુડ ઓઇલના ભાવ લગભગ 4 ટકા વધીને 94.16 ડોલર પ્રતિ બેરલ થઈ ગયા છે. સપ્લાય વિક્ષેપના ભયથી ફુગાવા વિશેની ચિંતામાં વધારો થયો છે. બજાર નિષ્ણાતો કહે છે કે વધતા ફુગાવાના ડર, લાંબા સમયથી ઊંચા વ્યાજ દરની આશા અને અમેરિકી અર્થતંત્રની મજબૂતીને કારણે રોકાણકારોએ સોના અને ચાંદીમાં નફો મેળવવા લાગ્યો હતો.

આ કારણોસર ગોલ્ડ અને સિલ્વર ઈટીએફનું વ્યાપક વેચાણ થયું હતું. ખાસ કરીને સિલ્વર ઈટીએફમાં 6 ટકાથી વધુનો ઘટાડો દર્શાવે છે કે વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે રોકાણકારો હાલમાં કિંમતી ધાતુઓ વિશે વધુ સાવચેત છે.

NSE પર નવો રેકોર્ડ: રોકાણકારોના ખાતા ૨૬ કરોડને પાર થયા

માત્ર ૪ મહિનામાં ૧ કરોડ નવા ખાતા ઉમેરાયા!

મુંબઇ, તા. 8ઃ એનએસઇ પર યુનિક ટ્રેડિંગ એકાઉન્ટ્સની સંખ્યા જૂન 2026માં 26 કરોડને પાર કરી ગઇ છે. આ સંદર્ભે એક્સચેન્જે જણાવ્યું હતું કે છેલ્લા એક વર્ષમાં 4.3 કરોડથી વધુ રોકાણકારોના ખાતા ઉમેરવામાં આવ્યા છે. તે જ સમયે, તાજેતરમાં ઉમેરવામાં આવેલા 1 કરોડ ખાતા 4 મહિનાથી ઓછા સમયમાં બનાવવામાં આવ્યા હતા.

ટ્રેડિંગ એકાઉન્ટ્સમાં આ વધારો ઝડપી ડિજિટાઇઝેશન અને મોબાઇલ ટ્રેડિંગ પ્લેટફોર્મના વધતા ઉપયોગને કારણે છે. એનએસઇએ અહેવાલ આપ્યો છે કે 4 જૂન, 2026ના રોજ પૂરા થયેલા 5 વર્ષ દરમિયાન, બેન્ચમાર્ક નિફ્ટીએ 7.1 ટકાનું વાર્ષિક વળતર આપ્યું હતું. આ જ સમયગાળા દરમિયાન, નિફ્ટી 500 ઈન્ડેક્સે 9.8 ટકાનું વાર્ષિક વળતર આપ્યું હતું. એનએસઇ પર લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપિટલાઈઝેશન 5 વર્ષના ચક્રવૃદ્ધિ વાર્ષિક વૃદ્ધિ દર 12.6 ટકાથી વધીને રૂપિયા 462.2 લાખ કરોડ થયું છે.

એનએસઇના જણાવ્યા અનુસાર, 31 માર્ચ 2026 સુધીમાં એનએસઇ પર લિસ્ટેડ કંપનીઓમાં વ્યક્તિગત રોકાણકારોનો હિસ્સો 18.7 ટકા હતો. એપ્રિલ 2025 અને માર્ચ 2026ની વચ્ચે, લગભગ 7.2 કરોડ નવા એસઆઇપી ખાતા ખોલવામાં આવ્યા હતા. નાણાકીય વર્ષ 2026માં સરેરાશ માસિક એસઆઇપી ઇનફ્લો વધીને રૂપિયા 29132 કરોડ થયો છે.

એનએસઇના ચીફ બિઝનેસ ડેવલપમેન્ટ ઓફિસર શ્રીરામ કૃષ્ણન કહે છે કે 26 કરોડ રોકાણકારોના ખાતાના નિશાનને પાર કરવું એ એક્સચેન્જ માટે એક મોટી સિદ્ધિ છે. આ ભારતીય મૂડી બજારમાં રોકાણકારોની વધતી ભાગીદારી દર્શાવે છે. વર્તમાન ભૌગોલિક રાજકીય અનિશ્ચિતતા હોવા છતાં, 4 મહિનાથી ઓછા સમયમાં 10 મિલિયન ખાતાઓનો ઉમેરો સતત રોકાણકારોનો વિશ્વાસ અને બજાર ઈકોસિસ્ટમના વધતા જતા અવકાશને પ્રતિબિંબિત કરે છે. મહત્વની વાત એ છે કે ભાગીદારી હવે ટાયર 2, ટાયર 3 અને ટાયર 4 શહેરો સુધી પણ વિસ્તરી રહી છે.

મહારાષ્ટ્ર ૪.૪ કરોડ ખાતા સાથે દેશમાં મોખરે, ગુજરાત ૨.૨ કરોડ સાથે ત્રીજા સ્થાને

એક્સચેન્જે જણાવ્યું હતું કે ટ્રેડિંગ એકાઉન્ટ્સની સંખ્યા અનન્ય રોકાણકારોની સંખ્યા કરતા વધુ છે, કારણ કે રોકાણકાર વિવિધ બ્રોકર્સ સાથે બહુવિધ ટ્રેડિંગ એકાઉન્ટ્સ રાખી શકે છે. મહારાષ્ટ્રમાં સૌથી વધુ રોકાણકારોના ખાતા નોંધાયા છે. રાજ્યમાં 4.4 કરોડ ખાતા છે. તે પછીના ક્રમે ઉત્તર પ્રદેશ છે, જ્યાં લગભગ 3 કરોડ ખાતા છે. ગુજરાતમાં 2.2 કરોડ, પશ્ચિમ બંગાળ અને રાજસ્થાનમાં 1.5 કરોડ ખાતા હતા. આ ટોચના 5 રાજ્યોમાં એક્સચેન્જ પરના કુલ રોકાણકારોના ખાતામાં લગભગ 49 ટકા હિસ્સો છે.

સ્ટરલાઇટ ટેકમાં સતત બીજા દિવસે લોઅર સર્કિટ લાગી

મોતીલાલ ઓસવાલ મ્યુચ્યુઅલ ફંડે ૩૬.૪૮ લાખ શેર ખરીદ્યા છતાં વેચવાલી હાવી

મુંબઇ, તા. 8ઃ વેદાન્તા ગ્રુપની સ્ટરલાઇટ ટેકનોલોજીના શેરમાં આજરોજ વધુ એક લોઅર સર્કિટ લાગી હતી. આમ, બે દિવસમાં 10 ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. આજે બીએસઇમાં ખુલતાની સાથે જ રૂ. 588.40 પૈસાની લોઅર સર્કિટ વાગી હતી. જેના લીધે કંપનીનું માર્કેટ કેપ ઘટીને રૂ. 28700 કરોડ થઇ ગયું છે.

વેદાન્તા ગ્રુપની સ્ટરલાઇટ ટેકનોલોજીમાં વેચવાલી હાવી રહેતા મોતીલાલ ઓસવાલ મ્યુ. ફંડ આગળ આવ્યું હતું અને તેઓએ ગઇકાલે રૂ. 619.05ના ભાવે 36.48 લાખ શેરો ખરીદ્યા હતા. આ બ્લોકડીલ દ્વારા ખરીદી થવા છતાં વેચવાલીનું દબાણ ચાલુ રહ્યું હતું અને આજે બીજા દિવસે પણ ઘટાડો આગળ વધ્યો હતો. સ્ટરલાઇટ ટેક્નોલોજી અદ્યતન કનેક્ટિવિટી સોલ્યુશન્સ પ્રદાન કરે છે. તે એઆઇ-તૈયાર ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા માટે એફટીએક્સ, ગ્રામીણ, એન્ટરપ્રાઇઝ અને ડેટા સેન્ટર નેટવર્ક્સ માટે એન્ડ-ટુ-એન્ડ સોલ્યુશન્સ પ્રદાન કરે છે. કંપની 100થી વધુ દેશોમાં કામગીરી કરે છે. કંપનીની મેન્યુફેક્ચરિંગ સુવિધાઓ ઉત્તર અમેરિકા, યુરોપ અને એશિયામાં છે. સ્ટરલાઇટ ટેક્નોલોજીસ એવા શેરોમાં શામેલ છે જે મહાન વળતર આપે છે. તેમાં એક મહિનામાં 56 ટકા, 3 મહિનામાં 220 ટકા, 6 મહિનામાં 510 ટકા અને એક વર્ષમાં 675 ટકાની વૃદ્ધિ જોવા મળી છે. આ શેર 52 સપ્તાહની એડજસ્ટેડ હાઇ 684.45 રૂપિયા અને બીએસઈ પર 74.67 રૂપિયાની એડજસ્ટેડ નીચી સપાટી ધરાવે છે.

યાર્ન બજાર સુરત — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

(GST સાથેના ભાવ)

પ્રફુલ/સાલાસર/કેપલોન	**રૂા.**
૩૦/૨૪ બ્રાઇટ	૨૭૦
૩૦/૩૬ એફડી	૨૭૭
લોકલ	
૬૨/૩૬ ક્રિમ્પ	૧૪૫
૬૮/૩૬	૧૪૪
૭૨/૩૬ ક્રિમ્પ	૧૪૨
૯૦/૩૬ ક્રિમ્પ	૧૪૧
૮૪/૪૮ ક્રિમ્પ	૧૪૧
૩૦/૧૪ ક્રિમ્પ	
૮૦/૭૨ રોટો.	૧૪૨
૮૦/૩૬ રોટો.	૧૪૩
૧૫૦/૪૮બ્રાઇટ	૧૩૯

૭૫/૩૬ ''	૧૩૭.૫
૫૦/૩૬ ''	૧૪૯
૫૦/૪૮ SD/ક્રેપ	૨૪૦
RIL રિલાયન્સ	
૯૦/૩૬ ક્રિમ્પ	૧૪૨
૧૧૪.૧૩ રોટો	---
૧૦૦ ટેક્ષ	૧૪૦
વેલનોન (જીએસટી સાથે)	
૮૦/૭૨ રોટો	૧૪૫
૮૦/૭૨ ફોલ્ડર	૧૫૧
૧૬૦ ડીસ્કેટ	૧૫૧
---	---
૮૦/૧૦૮ ''	૧૪૩.૫

-----	---
૮૦/૭૨ બ્લેક રોટો	૧૫૧
ગાર્ડન	
૪૯/૨૪ એફડીવાય	૧૪૩
૩૦/૧૪ ક્રિમ્પ	૧૯૫
૬૨ ક્રિમ્પ	૧૪૮
૬૮ ક્રિમ્પ	૧૪૭
૭૨ ક્રિમ્પ	૧૪૩
૭૫ ક્રિમ્પ	૧૪૨
૮૦ ક્રિમ્પ	૧૪૦
૮૦/૭૨ રોટો	૧૪૩.૫
૩૦/૨૪ બ્રાઇટ	---
૩૦/૩૬ એફડી	---
TPM	૧૪૨.૫

તેલ બજાર સુરત — ૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૨૯૫૦	કોપરેલ	૪૮૫૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૭૦૦	વનસ્પતિ ઘી	૨૬૦૦
સીંગતેલ (૫ લી)	૯૮૦	સનફલાવર	૨૫૯૦
કપાસીયા (૧૫ કિ.)	૨૭૮૦	તલતેલ	૪૬૫૦
કપાસીયા (૧૫ લિ.)	૨૫૪૦	દિવેલ	૨૪૮૦
કપાસીયા (૫ લિ.)	૮૮૦	મકાઇ તેલ	૨૩૬૦
સરસીયું તેલ	૨૯૦૦		

સોના-ચાંદી સુરત (ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૫૬૪૦૦
તેજાબી સોનું	૧૫૬૩૧૦
દાગીના-૨૨ કેરેટ	૧૪૮૫૮૦
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૫૩૨૭૦
સોનાનાં બિસ્કીટ	૧૫૬૪૦૦૦
ચાંદી (૯૯૯)	૨૫૨૬૦૦
ચાંદી સિક્કા	૨૫૪૧૦૦

જથ્થાબંધ ખાંડબજાર — પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-30 (ભરવાલાયક)	૪૫૦૦
એમ-30	૪૪૫૦
એસ-30	૪૪૦૦
ગુજરાત	
એમ-30	૪૩૫૦
એસ-30	૪૩૦૦

ગુજરાતમિત્ર ટચૂકડી ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹૯ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

વુલન સ્વેટર, રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, ગંજી, જાંગીયા, મોજા, બ્લેઝર, ટ્રેક- પેન્ટ, ટી- શર્ટ, ખોલવડવાલા, લીમડાચોક, ડબગરવાડ, સુરત

કબૂતર, મચ્છર જાળી ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

CM PEST CONTROL લાઈફ ટાઈમ ખાત્રીપૂર્વક ઉધઈની ટ્રીટમેન્ટ. 9377672958/ 9374726017

ઘરબેઠા તાત્કાલિક LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

ઘરબેઠા TV, LCD LED રીપેરીંગ. દરેક વિસ્તારમાં, દામિની ઈલેક્ટ્રોનિક્સ, અડાજણ. 9898302700

PRESIDENT PEST CONTROL 35 વર્ષથી ચાલતું એવોર્ડથી સન્માનિત લાયસન્સ 9825819250

લાઈફ હિંચકાના કડાં અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગઃ 8460222292, 8460222282

ઘરબેઠા રીપેરીંગ વોશીંગ મશીન, માઈક્રોવેવ ઓવન, ફ્રિઝ. બાલાજી કેરહોમ. Mobile: 9825859049, 7859985601

નોકરી વિષયક

પટાવાળા જોઈએ છે સી.એ. ઓફિસ માટે એસએસસી પાસ/નાપાસ પટાવાળા જોઈએ છે. મળો જશવંત પટેલ એલ- ૧૦, જલદર્શન ટાવર બહુમાળીની બાજુમાં નાનપુરા- સુરત (141)

જોઈએ છે યાર્ન ફેક્ટરીમાં પેકિંગ કામકાજ માટે માણસ ઉધના-મગદલ્લા રોડ, સુરત. મો. ૯૯૨૪૦૪૦૦૮૮

બેન્કના વ્હીકલ લોનના કામકાજ માટે છોકરા/ છોકરી જોઈએ છે લાયકાત- ૧૦ પાસ સેલરી + ઈન્સેન્ટિવ સંપર્કઃ- ૮૩૧૯૨૨૬૪૪૩ (147)

ભાગળ હોઝીયરીની જથ્થાબંધ દુકાનના કામકાજ માટે સ્ટાફ જોઈએ છે, 9825451232

Required Staff for English Medium School All subjects Teachers (Science/ Commerce) Supervisor and Vice Principal Contact M: 9725040581 /9998210581 (146)

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

(સાગર- 9427113317) 18- જુનમાં (એસી સ્લીપિંગમાં) ગોવામાં ત્રણ નાઈટ, શનિ, રવિ દમણ સાપુતારામાં નાઈટ,

બાબા અમરનાથ, વૈષ્ણવદેવી, હરિદ્વાર, ગોકુળ, મથુરા, રણુજા અમૃતસર, ખાટુશ્યામ વગેરે દિવસ ૧૫. તા. ૧૪ જુલાઈ. જયેશભટ્ટ 9909888622

મિલ્કત વેચવાની છે

253 વારનો ઓપન પ્લોટ વેચવાનો છે.સંજય સોસાયટી,સોમનાથ મહાદેવ મંદિર પાસે,સરગમ શોપિંગ સેન્ટરની પાછળ, પાર્લેપોઈન્ટ, સૂરત. 9898372704.

વેચાણથી ચોકબજારમાં ઓફિસ, ગોપીપુરામા દુકાન, નાનપુરામાં ફ્લેટ, પરસોલીમાં પ્લોટ. મોબાઈલ. 9825821151

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.